
માતૃભૂમિ

-કાહ્યાભાઈ પટેલ




માતૃભૂમિ
-કાહ્યાભાઈ પટેલ

卐 ઉમિયાજીની આરતી 卐

જય ઉમિયામાતા મા, જય ઉમિયામાતા
જયગિરીરાજ કીશોરી (૨) સર્વેસુખદાતા ॥ મા ૧

જગદમ્બા જગજનની, આદિશક્તિ માતા મા (૨)
સકલ શાસ્ત્ર ઉમિયા મા (૨) ગુણ તારા ગાતા ॥ મા ૨

પરમઉદાર દયાળુ, સુંદર છબી તારી મા (૨)
ઉંઝાની મહારાણી (૨) શિવજીને પ્યારી ॥ મા ૩

શ્રી ગણેશને કાર્તિક, તમ સાથે શોભે મા (૨)
દર્શન કરતાં માના (૨) જનજન મન મોહે ॥ મા ૪

વાંઢાયગામ પધારી, દર્શન બહુ દીધા મા (૨)
રામકુમાર વખાણે (૨) સંકટ હરી લીધાં; મા
મા મન વિરક્ત કીધાં જય... (૫)

卐 卐 卐

શિલા ગબડે ત્યારે ડહાપણ છે ખસી જવામાં !

અર્પણ

આજે પ્રથમવાર જ્યારે કલમ ઊપાડીને મારી માતૃભૂમિનો ઈતિહાસ લખવા બેઠો ત્યારે તમારી ગેરહાજરી નજર સામે તરી આવી. જીવનના કંઈ કેટલાય વળાંકોમાં અડધા ભૂખ્યા રહીને પણ જેણે ક્યારેય ફરિયાદનો એક શબ્દ નથી કહ્યો તેવી મારી મમતામયી માતને, પોતાની જીવનમૂડી ખર્ચી નાંખીને મારી જીવન ઈમારત ખડી કરનાર

પૂ. સ્વ માતુશ્રીને............

❀ ❀ ❀

Released in 1992

લેખકના બે શબ્દ

વાચક બંધુઓને આશ્ચર્ય થશે કે ગામ શ્રી વેરસલપુરના ઈતિહાસના લેખમાં ક્યાંય સ્ત્રીપાત્રો નથી. તેના ખુલાસામાં જણાવવાનું કે ઘણાં પરિવારમાં કુટુંબના સભ્યોને તેમનાં કાકી, ફોઈ, દાદીનાં નામની પણ ખબર નથી, તેમજ ક્યાં પરણાવ્યાં, ક્યાંથી પરણી લાવ્યાની જાણ સુધ્ધાં ન હોવાથી પુરી વિગતો મળવી સંભવ ન હોવાથી અધકચરું લખાણ લખવાનું યોગ્ય ન લાગવાથી ઈતિહાસમાં સ્ત્રી પાત્રો લેખનમાં લીધા નથી. ઈતિહાસ લખવાનું ખાસ પ્રયોજન એજ કે આજ અમારા વડીલ પાસેથી જે વિગતો જાણવા મળે છે તે વિગતોને સંગ્રહ કરી રાખવી.

સમય જતાં વિગતો ભુગર્ભમાં જતાં કોઈપણ જાણકારી આપણી પાછળની પ્રજાને નહીં રહે. પુજ્ય વડીલ જેઠાબાપાના મુખેથી સાંભળેલ વર્ણનથી લેખ લખવામાં આવ્યો છે. બાપાની યાદશક્તિ દાદ માંગી લે છે. જેનું ૠણ આપણે કદાપિ ચુકવી શકીએ નહીં. ઈશ્વર પાસે પ્રાર્થના કે હજુ ઘણાં વર્ષો દિઘાર્યુ બક્ષે.

આ ઈતિહાસ અમને જે જાણકારી મળી તેનાં ટુંકા વર્ણનથી લખવામાં આવેલ છે. લખાણમાં ક્યાંક ઊણપ રહી ગઈ હશે, ધંધાના સરનામાંમાં કાંઈ ભૂલચુક હોયતો વાચક વર્ગ દરગુજર કરે તે અપેક્ષા. લખાણમાં વ્યાકરણના શબ્દોની ભૂલ થઈ હશે તે ભૂલો મારા હિતેચ્છુઓએ સુધારેલ તે સર્વેનો

અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આપણા ગામના મંદિરનો જીર્ણોધ્ધાર કરી રહ્યા છીએ તે સાથે સાથે આપણા ગામમાં ધાર્મિક જાગૃતિ લાવવાની જરૂર દેખાય છે. આપણી નવીપેઢીમાં અત્યારથીજ ધાર્મિક ભાવનાનું સિંચન કરવાની જરૂર છે.

મારું સૂચન છે કે ગામનાં દરેક બાળકોને દરરોજ સવારે એક કલાક મંદિરમાં ગીતા જ્ઞાનનો અભ્યાસ કરાવવામાં આવે તેમાં ગામના વડીલો તથા યુવકભાઈઓ ધગશથી આગળ આવે અને આ જ્ઞાનયજ્ઞમાં ભાગ લઈ ગામમાં ધાર્મિક ભાવના જાગૃત કરે એવી અપેક્ષા.

લેખક :-

ડાયાલાલ જેઠાભાઈ દિવાણી

એ/૧, ઊમીયા મહાલ, ડૉ. આર.પી. રોડ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦
ટે.નં. દુકાન :- ૫૬૦ ૧૮ ૪૯
ઘર :- ૫૬૪ ૩૧ ૦૬

卐 આરતી 卐

ૐ જય જગદીશ હરે, સ્વામી જય જગદીશ હરે,
ભક્તજનો કે સકંટ પલમે દૂર કરે –ૐ
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા,
સુખ સંપત્તિ ઘર આવે, કષ્ટ મીટે તનકા –ૐ
માતા-પિતા તૂમ મેરે, શરણ પડું મેં કીસકી,
તુમ બીન ઔર ન દૂજા આશ કરું મેં જિસકી –ૐ
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી,
પરમ બ્રહ્મ પરમેશ્વર, તૂમ સબકે સ્વામી –ૐ

તુમ કરૂણા કે સાગર, તુમ પાલન કરતા,
મેં મુરખ ખૂબ કામી, કૃપા કરો ભરતા –ૐ
તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ,
કિસ બિધ મીલું દયામય, તુમકો મેં કુમતિ –ૐ
દીનબંધુ દુઃખ હરતા, તુમ રક્ષક મેરે,
અપને હાથ ઉઠાઓ, દ્વાર ખડા મેં તેરે –ૐ
વિષય વિકાર મીટાઓ, પાંપ હરો દેવા,
શ્રદ્ધા ભક્તિ બઢાઓ, સંતનકી સેવા-ૐ
તન, મન, ધન હૈ તેરા, સ્વામી સબકુછ હૈ તેરા,
તેરા તુઝકો અર્પણ, ક્યા લાગે મેરા –ૐ

卐 卐

સુધારી લેવી જિંદગી, જાગ્યા ત્યાંથી સવાર ગણી !

|| શ્રી ગણેશાય નમઃ || શ્રી ઊમીયાય નમઃ ||

પ્રથમ સરસ્વતી માતાનું સ્મરણ કરું, બીજા ઈષ્ટદેવ, ત્રીજા સદ્‌ગુરૂ, અને ચોથા માતા-પિતાનું ધ્યાન ધરીને તેમની પ્રેરણાથી શ્રી ગામ વેરસલપુરનો ઈતિહાસ લખવાની શરૂઆત કરું છું.

વેરસલપુર ગામનો ઈતિહાસ રોહા જાગીર સાથે જોડાયેલો છે. રોહા જાગીર એટલે કચ્છના રાજવીઓનાં ભાયાત, અને તેમના તાબામાં બાવન ગામનો વહીવટ હતો. રોહા જાગીરનો એક જમાનો હતો. જે વડીલોએ તેમની જાહોજલાલી અને દબદબો જોયાં હશે તેઓ પાસે વાત સાંભળીને આપણને આજે પણ રોમાંચ થઈ આવે. તેવા રોહા જાગીરના વેરસલજી બાવાએ વિચાર્યું કે મારે એવું કામ કરવું કે મારી પાછળ પણ પેઢી દર પેઢી મારું નામ અવિચળ રહી જાય. એટલે તેમણે પોતાના તાબા હેઠળના ગામ દેવપર (યક્ષવાળી)ના પટેલ ભાઈઓને રોહાની પાસે લગભગ ૨ કિલોમીટર ઉપર વસવાટ માટે સગવડ આપી અને વેરસલપુર નામે ગામ સ્થાપ્યું. દેવપુરથી રોહાજાગીરના કારભારી કુંવરજીની દેખરેખ હેઠળ ગામનું તોરણ બાંધી સવંત ૧૯૫૭ના વર્ષમાં વસવાટ કર્યો. દેવપુર થી જે પટેલ ભાઈઓ આવ્યા તેમાં મુખ્ય હતા.

ભીમાણી : ૧) લાલજીભાઈ ૨) મનજીભાઈ
૩) રાજા વિશ્રામ ભીમાણી જે અહીં પોલીસ પટેલ તરીકે ઓળખાય છે.

ભીમાણી : ૧) ગોપાલભાઈ ૨) જેઠા રતના ભીમાણી જે કુટુંબ મુખી તરીકે ઓળખાય છે.

દિવાણી : ૧) કેશરા જેઠા અને તેમના પુત્રો
૧) રતનશી ૨) મુળજી
૩) કાનજી કેશરા દીવાણી

નાથાણી : ૧) ગોપાલ નાથા (સાંખલા)

રૂડાણી : ૧) દેવસી રવજી

વેરસલપુર ગામના પ્રથમ હનુમાનની સ્થાપના પશ્ચિમ બાજુ દિવાણી જેઠાભાઈ નથુભાઈની જગ્યાની પાછળ થયેલ અને જેનો અત્યારે સંવત ૧૯૪૭માં જીર્ણોધ્ધાર કરી નવો ઓપ આપ્યો. ગામની ચારે બાજુ ખાખરાના ઝાડોનાં ઝૂંડ હોવાથી આપણા વડીલો જે શરૂઆતમાં આવ્યા તેમણે પોતાનાં ઘરમાં અને વાડામાં બધી જગ્યાએ ખાખરાના પાનનો સારો એવો વપરાશ કર્યો તેથી ગામ જ આજુબાજુમાં વેરસલપુરને બદલે ખાખરાપર તરીકે જાણીતું થઈ ગયું. અને તે નામ ઘણા વર્ષો સુધી ચાલ્યા પછી ધીરે ધીરે લુપ્ત થઈ ગયું અને વેરસલપુર નામથી પ્રખ્યાત થયું.

ગામના ભાઈઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો, એટલે જાગીરે ગામની ઊત્તર બાજુએ વાડીઓ માટે કુવાઓ ખોદાવી આપ્યા. પશ્ચિમ તથા દક્ષિણ બાજુએ રામ મોલ માટે ખેતરો આપ્યાં. પૂર્વ બાજુએ ગામથી નજીક બે તળાવો ખોદાવ્યાં. અને ગૌચર માટે સીમ ફાળવી આપી. જે વર્ષે આપણા ભાઈઓનો વસવાટ થયો તે વર્ષે મેઘરાજાની મહેરથી અને ભાઈઓની મહેનતથી ખેતરોમાં પાક પુષ્કળ થયો. એટલે તેના આકર્ષણથી અને સગાંના સથવારાને કારણે શરૂઆતમાં જે ભાઈઓ આવ્યા હતા તેમના સગાં-સંબંધીઓ પણ ગામમાં વસવાટ માટે આવ્યા તેમાં

લીંબાણી : ૧) જીવરાજભાઈ
૨) ભાણજી ગોપાલ (આણદાણી)
૩) મૂળજી વીરજી (આણદાણી)
તે ત્રણ ભાઈઓ નખત્રાણાથી આવ્યા.

લીંબાણી : લાલજી વિશ્રામ ખેડોઈ કોટડાથી આવ્યા.

ઉકાણી : કેશરા અબજી ખેડોઈથી આવ્યા.

નાકરાણી : અરજણ નાનજી
(પટેલ મનજી વિશ્રામના જમાઈ)
તે સાયરા (યક્ષ)થી આવ્યા.

ભગત : લાલજી કરસન (વાલાણી) વિથોણથી આવ્યા.

પોકાર : ૧) હંસરાજભાઈ ૨) રતના લાલજી પોકાર તે ગામ થરાવડાથી આવ્યા.

ધોળુ : ગંગદાસ અબજી ખેડોઈ કોટડાથી આવ્યા.

આમ ગામનો વિસ્તાર આસ્તે આસ્તે વધવા માંડ્યો એટલે ગામની ઊત્તર બાજુએ બીજા હનુમાનજીની સ્થાપના કરી જેના સ્થાપન માટે ખેડોઈથી ભગત કરસન બાપા આવ્યા હતા. સવંત ૧૯૬૮ના દુષ્કાળ વખતે જેટલી વાડીઓ ખેડાણમાં હતી તેનાથી ખેડૂતોનું પોસાણ નહીં થવાથી તેમને મદદરૂપ થવા રોહા જાગીરે તેમની વાડી જે હાલમાં ભાગવાડી થી ઓળખાય છે જે વેરસલપુર અને ખીરસરા વચ્ચે છે તે ભાગવાડી ૧) ભીમાણી જેઠા રતના ૨) દિવાણી રતના કેસરા ૩) સાંખલા ગોપાલ નાથા એમ ત્રણ ખેડૂઓને ખેડવા આપી જેથી ખેડૂતોને રાહત રહે. આમ જાગીર ધ્યાન રાખતી કે ગામનો વેલો વધતો રહે અને આબાદી વધે જેથી

જાગીરનું નામ રોશન થાય.

વડવાઓના પરિવાર તથા ધંધાઓનો પરિચય

ભીમાણી :- લાલજી વિશ્રામ ભીમાણીના બે પુત્રો

૧) ભાણજીભાઈ ૨) ખેતા લાલજી

ભાણજીભાઈ મુંબઈમાં વેરાઈ કામ કરવા લીંબાણી મૂળજી વીરજી સાથે ગયા હતા તેમને વાહનનો અકસ્માત થયેલ હતો. પણ તેમનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. બીજા પુત્ર ખેતા લાલજી યુવાનવયે ગુજરી ગયા. બંને ભાઈઓના વંશમાં કોઈ ન રહ્યું.

ભીમાણી મનજી વિશ્રામ :- તેમના પુત્રો ૧) ધનજીભાઈ તથા ૨)વાલજી મનજી બંને ભાઈઓએ ખેતી કામ કર્યું.

૧) ધનજીભાઈના પરિવારમાં પુત્ર શિવદાસ ધનજી. જેમણે થોડાં વર્ષ મુંબઈમાં લાકડા વેરાઈ કામ કર્યું. પછી જીવન પર્યંત ખેતી કામ કરી સ્વર્ગવાસી થયા. શિવદાસ ભાઈના પુત્ર લઘાભાઈ શિવદાસ ભીમાણી. ધંધો કડિયા કામ મુંબઈમાં તેમજ કચ્છમાં કરેલ ત્યાર બાદ ખેતીકામ કરેલ છે તેમના પરિવારમાં પુત્ર મુકેશ લઘા અને મણિલાલ લઘા. બંને ભાઈઓએ થોડાં વર્ષો નાગપુરમાં સર્વિસ કરેલ અને અત્યારે મુકેશ તથા મણિલાલ ખેતી સંભાળે છે.

૨) વાલજી મનજીનો પરિવાર :- વાલજી મનજીના બે પુત્રો.
૧) રામજી વાલજી ૨) રતનશી વાલજી
રામજી વાલજીનો ધંધો ખેતી. પરિવારમાં પુત્ર ૧) નરસિંહ

૨) વેલજી રામજી, નરસિંહભાઈ વેરસલપુરમાં ખેતી કરે છે. વેલજીભાઈ પરિવાર સાથે કોટડા (રોહા) રહે છે.

ભીમાણી રાજા વિશ્રામના કોઈ સંતાન ન હોવાથી નીર્વંશ રહ્યા. **ગોપાલ રતના મુખી :** તેમના પરિવારમાં ૪ પુત્રો ૧) મનજીભાઈ ૨) રામજીભાઈ ૩) કાનજીભાઈ ૪) દેવજીભાઈ

૧) મનજીભાઈ :- મનજીભાઈ ગોપાલના પરિવારમાં બે પુત્રો

૧) ધનજીભાઈ ૨) જશા મનજી

ધનજી મનજી નો ધંધો લાકડા વેરાઈ કામનો હતો. વેરાઈ કામ બંધ થયે હેલ્પર તરીકે કામ કર્યું અને નિવૃત જીવન કચ્છમાં ગુજારી વિ. સંવત ૨૦૪૬ જેઠ સુદ ૯ શુક્રવાર તા. ૧-૬-૯૦ના સ્વર્ગવાસી થયા. તેમના પરિવારમાં પુત્રો ૧) કરસનભાઈ ૨) જયંતિલાલ

કરસનભાઈનો ધંધો કડિયા કામ, ઘણા વર્ષો મુંબઈમાં કામ કર્યા બાદ ખેડ બ્રહ્મા (ગુજરાત)માં કુટુંબ સહિત સ્થાયી થયા.

૨) જયંતિલાલ ધનજી :- વિદેશમાં કડિયા કામ કરે છે. પરિવારમાં પુત્ર નરસિંહ ત્થા મણિલાલ અભ્યાસ કરે છે.

જશા મનજી :- તેમના પરિવારમાં ૩ પુત્રો ૧)નારાયણભાઈ ૨) અરજણભાઈ ૩) વિશ્રામ જશા

જશા મનજીએ ઘણાં વર્ષો કડિયા કામ કરાંચી અને કચ્છમાં કરેલ અત્યારે નિવૃત જીવન ગુજારે છે.

નારાયણભાઈ :- ધંધો સુતારકામ થી શરૂઆત કરી અત્યાંરે કોન્ટ્રાક્ટરનું કામ કરે છે. પરિવારમાં · પુત્રો ૧) જગદીશ

૨) પરસોત્તમ નારાયણ અભ્યાસ કરે છે.

અરજણભાઈ :- વિદેશમાં સર્વિસ કરે છે. પરિવારમાં પુત્રો ૧) રવિલાલ ૨) નરેન્દ્ર બંને ભાઈઓ સર્વિસ કરે છે.

વિશ્રામભાઈ :- ધંધો સુતારકામ અને પરિવારમાં પુત્રો ૧)મનસુખ ૨) પ્રવિણ બંને ભાઈઓ સુતારકામ અને કોન્ટ્રાકટરનું કામ કરે છે.

રામજી ગોપાલ મુખી નિર્વંશ છે.

કાનજી ગોપાલ :- પરિવારમાં બે પુત્ર ૧) રતનશી ૨) **અબજી** કાનજી બંને ભાઈઓએ ખેતીકામ કરેલ અને હાલમાં નિવૃત્ત છે.

રતનશીભાઈના પરિવારમાં પુત્ર ૧) નાનજી ૨) કેશવલાલ ૩) હીરજી તે કાકા દેવજી ગોપાલને દત્તક આપેલ.

નાનજીભાઈ ધંધો કડિયા કામ મુંબઈ તેમજ અન્ય જગ્યાએ કામ કરેલ ઘણાં વર્ષોથી ખેતીકામ કરી નિવૃત જીવન.

પરિવારમાં પુત્રો ૧) હરિલાલ ૨) રવિલાલ બંને ભાઈઓ વતનમાં ખેતીકામ કરે છે.

કેશવલાલ :- તેમણે શરૂથીજ ખેતીકામ સંભાળ્યું અને હાલમાં ખેતીકામ કરે છે તેમના પરિવારમાં પુત્રો ૧) ઈશ્વરલાલ ૨) પ્રતાપ અને ૩) મણિલાલ કેશવલાલ

અબજી કાનજી :- ખેતીકામ કર્યું પરિવારમાં પુત્રો ૧) છગનલાલ ૨) રામજીભાઈ ૩) જયંતીલાલ ૪) ગંગારામ ૫) મોહનલાલ ૬) લાલજી ૭) ખીમજી-**અબજી**

છગનલાલ :- યુવાન વયે અવસાન પામ્યા તેમના પરિવારમાં પુત્રો ૧) કાન્તિલાલ ૨) પુરસોત્તમ બંને ભાઈઓ ખેતીકામ તથા સર્વિસ કરે છે.

રામજીભાઈ :- પરિવાર સાથે કલકત્તા ધંધો કરે છે તેમના પુત્રો ૧) હિતેષ ૨) દિનેશ ૩) પ્રકાશ અભ્યાસ કરે છે.

જયંતિલાલ :- પરિવાર સાથે ખેતીકામ કરે છે. પુત્ર અરવિંદ અભ્યાસ કરે છે.

ગંગારામ :- ખેતીકામ તથા ટ્રેક્ટરથી ઊધડ કામ કરે છે તેના પુત્રો ૧) ભરતકુમાર ૨) દિલીપ અભ્યાસ કરે છે.

મોહનલાલ :- વિદેશમાં આરબ કન્ટ્રીમાં કામ કરેલ અને હાલમાં દેશમાં ખેતીકામ સંભાળે છે. પુત્રો ૧) શૈલેશ ૨) નરોત્તમ અભ્યાસ કરે છે

લાલજી : ખેતીકામ સંભાળે છે. પુત્રો ૧) મેહૂલ ૨) સુનીલ બંને ભાઈઓ અભ્યાસ કરે છે.

ખીમજી :- ખેતીકામ કરે છે પુત્રો ૧) હરિલાલ ૨) સુભાષ ૩) રમેશ અભ્યાસ કરે છે.

દેવજી ગોપાલ :- મુંબઈમાં વેરાઈ કામ કરતાં, ઘણાં વર્ષો મુંબઈમાં રહ્યા બાદ કચ્છમાં ખેતીકામ કર્યું. તેમના પુત્ર હીરજી દેવજીએ થોડાં વર્ષ મુંબઈમાં કડિયા કામ કર્યા બાદ કચ્છમાં હાલ ખેતી સંભાળે છે. તેના પુત્રો ૧) ગંગારામ ૨) હસમુખ મુંબઈમાં સર્વિસ કરે છે. ૩) અમૃતલાલ અને ૪) દિપક બંને ભાઈઓ ખેતી સંભાળે છે.

જેઠા રતના ભીમાણીનો પરિવાર રત્નાપુર (મઉં) સ્થાયી થયેલ છે.

દિવાણી પરિવાર

દિવાણી કેશરા જેઠા પુત્રો ૧) રતના ૨) મુળજી ૩) કાનજી કેશરા તેમના પુત્રો ૧) કચરાભાઈ ૨) દેવજી ૩) ગોપાલ કાનજી ત્રણે ભાઈઓ પરિવાર સાથે દેવપુર ખાતે સ્થાયી છે. રતના કેશરાના પુત્ર નથુ રતનાએ યુવાન વયે સિંધમાં કામ કરેલ, ત્યાર બાદ ઘણાં વર્ષો મુંબઈમાં રહી ધંધો કરેલ હતો. વિ. સવંત ૨૦૦૮ મહાવદ ૨ ના સ્વર્ગવાસી થયા તેમના પરિવારમાં પુત્રો ૧) જેઠાભાઈ ૨) કાનજીભાઈ ૩) લઘાભાઈ ૪) ભીમજીભાઈ નથુ દિવાણી જેઠાભાઈ કિશોર વયમાં મુંબઈ આવ્યા વેરાઈ કામથી શરૂઆત કરી ઉઘડ કામ કોન્ટ્રાક્ટથી કર્યું. પુત્રો ૧) પ્રેમજીભાઈ ૨) ડાયાભાઈ ૩) નાનજીભાઈ ૪) ખીમજીભાઈ જેઠાભાઈ ચારે ભાઈઓએ પ્રથમ સુતાર કામ કર્યું. ઈ.સ. ૧૯૫૦ થી મે. કાનજીભાઈ એન. બ્રધર્સ બીલ્ડીંગ કન્સ્ટ્રક્શનમાં જેઠાભાઈ તથા ચારે પુત્રો કંપનીમાં જોડાયાં. કંપનીએ મુંબઈ તેમજ અમદાવાદ-ગાંધીધામમાં રેલ્વે તેમજ ગર્વમેન્ટ સરકારી કામો કર્યાં. કંપની તરફથી જે કામ પર જે જે ભાઈઓની નિમણૂંક કરવામાં આવેલ તે કામ પર ભાઈઓએ પુરી વફાદારીથી ફરજ બજાવી. ઈ.સ. ૧૯૫૭ જુનથી કંપનીમાંથી જુદા થઈ ચાર ભાઈઓએ મળીને મે. જેઠાભાઈ નથુભાઈ એન્ડ સન્સ ફાર્મની સ્થાપના કરી. પ્રથમ શરૂઆત બીલ્ડીંગના લેબર કોન્ટ્રાક્ટથી કરી, મુંબઈમાં તેમજ ઈ.સ. ૧૯૫૮માં હુબલી ધારવાડમાં કામ કર્યું. વર્ષો વીતતાં

મજુરી કામમાંથી માલ સહિત કામ કર્યા, પ્લોટ લઈ ઓનરશીપથી મકાન બનાવ્યા. ૧૯૭૦માં પ્રથમ M.I.D.C. ડોંબિવલીમાં ખાલી પ્લોટ લઈ સો મિલ કરી ધંધામાં પરિવર્તન કર્યું. વર્ષના ગાળા બાદ મુલુંડમાં દુકાનની જગ્યા લઈ ૧૯૭૧માં વુડન આર્ટીકલ ટીમ્બર મર્ચન્ટ તરીકે ધંધાની શરૂઆત કરી, એક વર્ષ બાદ ડોંબિવલીમાં દુકાનની જગ્યા લઈ મે. ગણેશ ટીમ્બર એન્ડ પ્લાયવુડ નામે ફાર્મ રજીસ્ટર કરી ધંધાનો વિકાસ કર્યો. વર્ષો બાદ છોકરાંઓ કામ કરતાં થયા અને ઈ.સ. ૧૯૭૮ના પ્રથમ પ્રેમજીભાઈ જેઠાભાઈ ત્રણ કંપનીઓમાંથી છુટા થઈ પુત્રો ૧) ચુનીલાલ ૨) દિનેશ પ્રેમજીએ મળીને અંબિકા ટીંબર તથા અંબીકા કન્સ્ટ્રક્શનના નામે ધંધા ચાલુ કર્યા. થોડા વર્ષો સુધી કામ કર્યું પછી દુકાન તેમજ રહેવાનો મુલુંડનો ફ્લેટ કાઢી ડોંબિવલીમાં ફ્લેટ લઈ ત્યાં વસવાટ કર્યો. પ્રેમજીભાઈ નિવૃત જીવન ગાંધીધામ કચ્છમાં ગાળે છે. પુત્રો એ કન્સ્ટ્રક્શન કામ કર્યા બાદ ચુનીલાલ ગાંધીધામમાં રહે છે. ચુનીલાલનો પુત્ર કેતન અભ્યાસ કરે છે. દિનેશના પુત્રો સચીન અને અમિત અભ્યાસ કરે છે. ત્રણ ભાઈઓએ ધંધાને વધુ વિકસાવ્યા અને ઈ.સ. ૧૯૮૨ ઓગસ્ટથી ફરી ધંધામાં પરિવર્તનની શરૂઆત થઈ. છોકરાઓની ધંધા પ્રત્યે દીલચસ્પીથી મે. રીડર્સ કોર્નર બુક લાયબ્રેરીની શરૂઆત થઈ. વિક્રમ સંવત ૧૯૪૪ ઈ.સ. ૧૯૮૮ માર્ચ ૩૧થી ત્રણ ભાઈઓ ભાગીદારીથી છુટા થયા. ૧) ડાયાભાઈ જેઠાભાઈને મુલુંડ ખાતેની એક દુકાન તથા બુક લાયબ્રેરી રીડર્સ કોર્નર ભાગે આવ્યું. ૨) નાનજીભાઈ જેઠાભાઈને ડોંબિવલી ગણેશ ટીંબર એન્ડ

જીવન ચોપડાનું સરવૈયું રોજ તપાસતા રહેજો, નહીં તો ખોટ જશે.

પ્લાયવુડ સેન્ટર ને નામે ધંધો ભાગે મળ્યો. ૩) ખીમજી જેઠાભાઈ મે. જેઠાભાઈ નથુભાઈ એન્ડ સન્સ ૨) વુડન આર્ટીકલ વર્કસ બંને ફાર્મ નો ધંધો ભાગે આવ્યા તેમણે M.I.D.C. ડોંબિવલી ખાતે ધંધો વિકસાવ્યો. ડાયાભાઈને ખાતે દુકાન આવી તેમાં મે. આનંદ ટીમ્બર ટ્રેડર્સ થી બે વર્ષ ધંધો કર્યા બાદ ધંધો બંધ કરી દીધેલ છે. રીડર્સ કોર્નર લાયબ્રેરીનાં ધંધાનો વિકાસ કર્યો. બીજી લાયબ્રેરી વીણા નગર મુલુંડમાં ઈ.સ. ૧૯૮૮થી રીડર્સ પેરેડાઈઝ નામથી શરૂ કરી છે. બંને લાયબ્રેરીઓ નું સંચાલન તેમના પુત્ર જયપ્રકાશ ડાયાલાલ દિવાણી કરે છે. જયપ્રકાશના પુત્રો સંદિપ અને આનંદ અભ્યાસ કરે છે. નાનજીભાઈ જેઠાભાઈ મે. ગણેશ ટીમ્બર એન્ડ પ્લાયવુડ સેંટર નામથી પુત્ર મોહનલાલ નાનજીભાઈ સાથે ધંધો કરે છે. મોહનલાલના બે પુત્રો હેમંત અને નિલેશ અભ્યાસ કરે છે. ખીમજી જેઠાભાઈના પુત્રો ૧) મણિલાલ ૨) અમૃતલાલ ૧) મે. વુડન આર્ટીકલ વર્કસ ૨) મે. જેઠાભાઈ નથુભાઈ એન્ડ સન્સ ૩) દિવાણી એન્ટરપ્રાઈસના નામે ધંધો કરે છે. મણિલાલનો પુત્ર કિશોર અને અમૃતલાલનો પુત્ર કૌશિક અભ્યાસની તૈયારી કરે છે.

કાનજીભાઈ નથુભાઈના પરિવાર તથા ધંધાઓની વીગત :-
કાનજીભાઈએ યુવાન વયમાં મુંબઈ ભાઈ જેઠાભાઈના સહકારથી હાંથ વેરાઈ કામમાં બંને ભાઈઓની જોડીથી કામની શરૂઆત કરી. એકાદ વર્ષ વેરાઈ કામ કર્યા બાદ સુતાર કામમાં વધારે પડતી લગની હોવાથી સુતારકામથી શરૂઆત કરી; નાના મોટા મજુરી કામનાં કોન્ટ્રાક્ટથી કામ કર્યા, બોમ્બે ગ્લાસ વર્કસમાં

ઘણો ટાઈમ મીસ્ત્રી કામ કર્યું. ભાગીદારોની સાથે ટીમ્બર મર્ચન્ટનો પ્રથમ ધંધો સવંત ૧૯૯૯ માં બી. એન. દેસાઈ સાથે ભાગીદારીથી કર્યો, પોતાના નામથી ટીમ્બર મર્ચન્ટનો ધંધો શરૂ કરેલ. ઈ.સ. ૧૯૫૦થી ભાઈઓ સાથે મે. કાનજીભાઈ એન. બ્રધર્સ બીલ્ડીંગ કોન્ટ્રાક્ટર્સના નામથી ધંધાની શરૂઆત કરેલ. બે થી ત્રણ વર્ષ લેબર જોબથી કોન્ટ્રાક્ટ કામ કર્યા બાદ માલ સાથે રેલ્વેના મકાનોના કોન્ટ્રાક્ટની શરૂઆત થઈ ધંધાની પ્રગતી થતાં ધંધો વિકસાવી અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ, ન્યુ કંડલા એમ. રેલ્વેના ત્થા C.P.W.D. ના ઘણાં કામો કર્યા, ઈ.સ. ૧૯૫૭ જુન થી મે. કાનજીભાઈ એન. બ્રધર્સ કંપનીમાંથી ત્રણ ભાગીદારો ૧) નટવરલાલ ૨) જેઠાભાઈ ૩) મનજીભાઈ છુટા થઈ પોત પોતાની રીતે ધંધો કરેલ, કાનજીભાઈ નથુભાઈ એન. બ્રધર્સમાં બાકી ત્રણ ભાઈઓએ ભાગીદારીમાં ધંધો ચાલુ રાખેલ. ૧) કાનજીભાઈ ૨) લઘાભાઈ ૩) ભીમજીભાઈ ત્રણ ભાઈઓએ ઘણા વર્ષો સુધી ધંધો ચાલુ રાખેલ. પુત્રો ૧) નરસીંહભાઈ ૨) ચંદુલાલ ૩) જવાહરલાલ ૪) હસમુખ ૫) દિનેશ કાનજીભાઈ.

નરસિંહભાઈએ પ્રથમ મીકેનીકલ, તરીકે ગાડીઓ એંજીનો વીગેરેનો રીપેરીંગ કામનો અનુભવ લીધો. ધંધામાં ભીવન્ડીમાં હનુમાન ટેકરી સાઈડ જગ્યા લઈ ક્વારીના ધંધાની શરૂઆત કરી મશીન બેસાડ્યા.

ઈ.સ. ૧૯૬૭થી મે. ઉદય ક્વોરીના નામથી ધંધાની શરૂઆત કરી. પાંચ ભાઈઓ સાથે ૧૯૭૪ સુધી ધંધામાં સાથે

રહ્યા. ઈ.સ. ૧૯૭૪થી મે. ઉદય ક્વોરી ફાર્મમાંથી નરસિંહભાઈએ છુટા થઈ મે. પ્રભાત સ્ટોન એજન્સીના નામથી ધંધાની શરૂઆત કરી. ધંધાનો વિકાસ થતાં ૧૯૭૮માં સિલ ફાટા નાકા નજીક મે. પ્રભાત ક્વોરીના નામથી ધંધાનો વિકાસ કર્યો. અત્યારે નરસિંહ ભાઈના પુત્રો ૧) ધીરજ ૨) અમૃતલાલ ૩) કિશોર ત્રણે ભાઈઓ સર્વે કંપનીઓનું સંચાલન સંભાળે છે. નરસિંહભાઈ નિવૃત્તિ જીવન ગાળે છે.

૨) ચંદુલાલ કાનજી ઉદય ક્વોરીમાંથી છુટા થઈ પોતાનો પર્સનલ ધંધો ચાલુ કર્યો. J.C.B. (પોક્લેન) મસીન ભાડે આપવાનો ધંધો કરે છે. પુત્ર રાહુલ અભ્યાસ કરે છે.

૩) જવાહર કાનજી ઉદય ક્વોરીમાંથી છુટા થઈ ભીવંડીમાં ટાયરની દુકાન શરૂ કરી જે અત્યારે પોતે સંભાળે છે. પુત્રો જીજ્ઞેશ અને રાકેશ જવાહર અભ્યાસ કરે છે.

૪) હસમુખ કાનજી ઉદય ક્વોરીમાં છે. તેમજ કલ્યાણમાં બીલ્ડર્સ તરીકે ધંધો ચાલુ કર્યો છે. પુત્ર મેહુલ, અભ્યાસ કરે છે.

) દિનેશ કાનજી જુનું ફાર્મ ઉદય ક્વોરી ભીવંડીમાં છે. તે જુનો ધંધો સંભાળે છે. પુત્ર અનિષ, દીવાણી અભ્યાસ કરે છે.

દિવાણી લઘાભાઈ નથુભાઈ પરિવાર :- લઘાભાઈ વિ. સવંત ૧૯૮૬માં પ્રથમ ધંધાર્થે મુંબઈ આવ્યા. જોડીમાં વેરાઈ કામની શરૂઆત કરી બે થી ત્રણ વર્ષો વેરાઈ કામ કર્યા બાદ સુતાર કામમાં જોડાયા. ઘણા વર્ષો સુધી હાથે કામ કરી સર્વીસ કરેલ, બોમ્બે ગ્લાસ વર્કસમાં ઈ.સ. ૧૯૫૯થી કાનજીભાઈ

એન. બ્રધર્સ ફાર્મમાં દાખલ થયા. કંપનીમાં કેશીયર તરીકેની ફરજ બજાવતા હતા. ઘણા વર્ષો કંપનીમાં રહી નીવૃત થયા. પુત્રોમાં ૧) જયંતિલાલ ૨) હરિલાલ લઘાભાઈ ૧) જયન્તીલાલ અભ્યાસ પૂરો કરી B.M.C.માં સર્વીસમાં રહ્યા, લગ્ન કર્યા, ત્રણ ચાર વર્ષમાં ટુંકી બિમારીમાં વિ. સવંત ૨૦૩૦ અધીક ભાદરવા સુદ ૧૨ ગુરૂવાર તા ૨૯-૮-૭૪ના સ્વર્ગવાસ થયા, તેના પરિવારમાં પુત્ર પ્રવિણ તથા પત્ની છે મા-પુત્ર બંને એ લંડન વસવાટ કર્યો અને ત્યાંનું નાગરીકત્વ લઈ ત્યાં સ્થાયી થયા છે. ૨) હરિલાલ અભ્યાસ પુર્ણ કરી વિદેશમાં આરબ કન્ટ્રી આફ્રીકા તેમજ મુંબઈમાં કામ કર્યું. અત્યારે ભાગીદારીમાં થાણામાં કુટીર કલાના નામે ધંધો કરે છે. પુત્રો ૧) મુકેશ ૨) અજય ૩) કેતન હરિલાલ દિવાણી અભ્યાસ કરે છે.

દિવાણી ભીમજીભાઈ નથુભાઈનો પરિવાર :- ભીમજીભાઈ એ કિશોર અવસ્થા ગામમાં વીતાવી. નાનપણમાં માતાની છત્રછાયાથી વંચિત રહ્યા માતાજી ના અવસાનથી ઉચ્છંખલ સ્વભાવ રહેલ, વિ.સ. ૧૯૮૮માં પ્રથમ વખત મુંબઈ મોટા ભાઈઓ સાથે આવ્યા. વેરાઈ કામમાં ધંધાની શરૂઆત કરી, બે વર્ષ બાદ સુતાર કામમાં જોડાયા, ઘણાં વર્ષો સુધી મજુરી કામ, બોમ્બે ગ્લાસ વર્કસમાં કર્યું. ઈ.સ. ૧૯૫૦થી મે. કાનજીભાઈ એન. બ્રધર્સમાં ભાગીદારીમાં જોડાયા. કંપનીમાં ઘણા વર્ષ સુધી ફરજ બજાવી નીવૃત થયા, વિક્રમ સવંત ૨૦૪૧મહા વીદ ૧૩ રવીવાર તા. ૧૭-૨-૮૫ના સ્વર્ગવાસી થયા.

પરિવારમાં પુત્રો ૧) રતીલાલ ૨) હીરાલાલ ૩) કાન્તીલાલ ભીમજી દિવાણી

૧) રતીલાલ ભીમજી વીદેશમાં થોડા વર્ષ સુધી સર્વીસ કર્યા બાદ મુંબઈમાં બીલ્ડીંગ મટીરીયલ સપ્લાયનું તેમજ બીલ્ડીંગ કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. ૨) હીરાલાલ ભીમજી આરબ કન્ટ્રીમાં રહી ઘણો ટાઈમ કામ કરેલ. મુંબઈમાં કમીશન એજન્ટનાં કામ કરે છે.

૩) કાન્તીલાલ ભીમજી દિવાણી કામ કરવાની શરૂઆત આરબ કન્ટ્રીમાં કરેલ થોડા વર્ષ રહ્યા, ડોંબીવલીમાં સ્થાયી થયાં, ત્યાં અત્યારે બીલ્ડીંગ કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. પરિવારમાં પુત્રો ૧) મિતેશ ૨) ગૌરવ કાન્તીલાલ દિવાણી છે.

દિવાણી મુળજી કેશરાનો પરિવાર :- પુત્રો ૧) ગોવિંદ ૨) મેઘજી મુળજી. ગોવિંદ મુળજીએ યુવાન વયે થોડો ટાઈમ સિંધમાં મજુરી વેરાઈ કામ કરેલ. વિ. સવંત ૧૯૭૪-૭૫માં મુંબઈ આવી વેરાઈ કામમાં શરૂઆત કરેલ. ઘણા વર્ષો મુંબઈમાં વિતાવેલ. નિવૃત્તિ ટાઈમે વેરસલપુર સ્થાયી થઈ ખેતી કામ સંભાળેલ. પુત્ર નાનજી ગોવિંદ યુવાન વયથી મુંબઈ આવ્યા. સુતાર કામમાં રહ્યાં. ઘણા વર્ષો સુધી મુંબઈ રહ્યા. નાદુરસ્ત તબિયતના કારણે મુંબઈ છોડી દેશમાં વસી ખેતી સંભાળેલ છે તેના પુત્રો ૧) શામજીભાઈ ૨) કુંવરજીભાઈ બંને ભાઈઓ ખેતી કામ કરે છે. શામજીભાઈનો પુત્ર યોગેશ શામજી અભ્યાસ કરે છે. કુંવરજીના પુત્રો ૧) અરવિંદ ૨) નીતિન ૩) ભરત કુંવરજી દિવાણી અભ્યાસ કરે છે.

મેઘજી મુળજી યુવાન વયે સિંધમાં વેરાઈ કામ અર્થે થોડો ટાઈમ ગયેલ. વિ સવંત ૧૯૭૪-૭૫ માં મુંબઈ આવી વેરાઈ કામમાં જોડાયા. ઘણા વર્ષો મુંબઈ વેરાઈ કામ કર્યું પગમાં જીવલેણ બીમારી થવાથી વેરસલપુર સ્થાયી થયા, થોડા સમયમાં રામશરણ પામ્યા. પરિવારમાં પુત્રો ૧) ધનજીભાઈ ૨) શીવગણ મેઘજી પુત્ર ધનજી યુવાન વયમાં રામશરણ થયાં. શીવગણ મેઘજી યુવાન વયના થતાં મુંબઈ આવ્યા. પ્રથમ વેરાઈ કામમાં શરૂઆત કરી ત્યાર બાદ સુતારકામમાં જોડાયા. ઘણા વર્ષો સુધી સુતાર મજુરી કામ, અને બીલ્ડીંગ કંન્સ્ટ્રક્શન કામ કર્યું. પુત્રો ઉંમર લાયક થતાં અને કામ, ધંધો સંભાળી લેતાં નીવૃત થયા. પુત્રો ૧) જયન્તીલાલ ૨) મણીલાલ શીવગણ દિવાણી બંને ભાઈઓ મકાનને લગતું મજુરી કામ કોન્ટ્રાક્ટ રાખી કરી રહ્યા છે. પુત્રોમાં ૧) રિતેશ ૨) અજય જયન્તીલાલ દિવાણી અને જીગર મણીલાલ દિવાણી છે.

રૂડાણી દેવશી રવજી પરિવાર :- પુત્ર જેઠા દેવશી ધંધો ખેતી પરિવારમાં પુત્ર કાનજી જેઠા. બાળ અવસ્થામાં પિતાજી સ્વર્ગવાસી થયા. દાદાની છત્ર છાયામાં ઉછેર થયો, યુવાન થતા ફુઆ આણદા સુરાણી વિથોણવાળા સાથે કલકત્તા ધંધાઅર્થે ગયા, ઘણાં વર્ષો સુધી કલકત્તામાં ધંધો કર્યો. થોડો સમય સિંધમાં પણ કામ અર્થે ગયા, મુંબઈ થોડો સમય રહેલ વિ.સં. ૨૦૦૫ પછી કચ્છમાં ખેતી કામ સંભાળેલ, કાનજી જેઠા રૂડાણીનો સ્વર્ગવાસ વિ. સં. ૨૦૪૫ ફાગણ સુદ ૫ રવીવાર તા. ૧૨-૩-૮૯ રોજ થયો, તેમના પરિવારમાં પુત્રો ૧) કરસનભાઈ ૨) શામજીભાઈ ૩) માવજીભાઈ કરસનભાઈ

ધંધામાં ખેતી કરેલ, પુત્રો ૧) નરસિંહભાઈ ૨) ડાયાલાલ ૩) લઘાભાઈ અને ૪) ધનજીભાઈને ભાઈ શામજી કાનજીએ દત્તક લીધેલ. નરસિંહ, ડાયાલાલ અને લઘાભાઈના ધંધાનું મુખ્ય કામ ખેતી છે. શામજીભાઈ કાનજી રૂડાણી ધંધો ખેતી કરેલ પુત્ર ધનજી શામજી ખેતી કામ સંભાળે છે. માવજી કાનજી રૂડાણી અભ્યાસ કરી યુવાન વયે કલકત્તામાં ધંધાર્થે ગયેલ. ઘણો સમય કામ કરેલ. થોડા વર્ષથી ખેતી કામ સંભાળે છે. પુત્રો ૧) પરસોત્તમ ૨) નવિન માવજી રૂડાણી અભ્યાસ પુર્ણ કરી ખેતી કામ કરે છે.

સાંખલા ગોપાલ નાથા=નાથાણી પરિવાર :- પુત્ર અરજણ ગોપાલ ધંધો ખેતી પુત્રો ૧) માવજીભાઈ ૨) પ્રેમજીભાઈ ૩) દેવજીભાઈ અરજણ સાંખલા. **માવજી અરજણ** - ધંધા અર્થે યુવાન અવસ્થામાં આસનસોલ ગયેલ. વેરાઈ કામ કર્યા બાદ કચ્છમાં વેરસલપુર ગામે ત્થા પુયુણી બે વર્ષ ખેતી કામ કરી વિ. સવંત ૧૯૯૬ દુષ્કાળ ટાઈમથી કોટડા રોહા ખેતીની શરૂઆત કરી અને ત્યાં સ્થાયી થયા અને સવંત ૨૦૪૬ના સ્વર્ગવાસી થયા.

પુત્રમાં મગનલાલ માવજી ખેતી નું સંચાલન કરે છે.

સાંખલા **પ્રેમજી અરજણ** ધંધો યુવાવસ્થે દિવાણી જેઠાભાઈ નથુભાઈ સાથે જોડીમાં થોડાં વર્ષો મુંબઈ રહ્યા, ખેતીકામમાં સ્થાયી થયા. પુત્રો ૧) દામજીભાઈ ૨) શામજીભાઈ ૩) અબજીભાઈ ૪) ખેતશીભાઈ ૫) વસ્તાભાઈ ૬) વાલજીભાઈ ૭) ડાયાભાઈ પ્રેમજી સાંખલા. **દામજી પ્રેમજી** ધંધો ખેતી કરે

છે. વર્ષો પહેલાં અવસાન પામ્યા પરિવારમાં પુત્રો ૧) કાન્તીલાલ ૨) અરવિંદ ૩) નરોત્તમ ૪) કીશોર ૫) પ્રભુલાલ ૬) મગનલાલને માવજી અરજણે દત્તક લીધા. ધંધો મુખ્ય ખેતી કરે છે. વિદેશમાં આરબ કંન્ટ્રીમાં જઈ આવ્યા છે.

શામજી પ્રેમજી સાંખલા ધંધો ખેતી કામ કરેલ થોડા વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયા. પરિવારમાં પુત્રો ૧) નાનજી ૨) રમણ ૩) લખમશી ધંધો વિદેશમાં સર્વીસ, વતનમાં ખેતી.

અબજી પ્રેમજી સાંખલા ધંધો, વિદેશમાં સર્વીસ કરેલ, થોડા વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયા. પરિવારમાં પુત્રો ૧) બાબુલાલ ૨) નવિન ૩) દિલીપ ૪) રતનશી અબજી નાગપુર મામા પાસે ધંધો તેમજ અભ્યાસ કરે છે. સર્વે ત્યાં સ્થાયી છે.

ખેતશી પ્રેમજી સાંખલા ધંધો સુતારકામ મુંબઈ તેમજ વિદેશ આરબ-કન્ટ્રીમાં સુપરવાઈઝર કામ કર્યા. થોડા વર્ષથી ખેતી કામ કરે છે.

વસ્તાભાઈ પ્રેમજી સાંખલા ધંધો મુખ્ય ખેતી, તેમજ વિદેશમાં સર્વીસ કરેલ. થોડા વર્ષથી ખેતી સંભાળે છે. પુત્રો ૧) ચંદુલાલ ૨) રમેશ વસ્તા સાંખલા કડીયા કામ કરે છે.

વાલજી પ્રેમજી સાંખલા ધંધો વિદેશમાં સર્વીસ, વતનમાં ખેતી કરે છે. પુત્રો ૧) હરિલાલ ૨) દીલીપ ૩) ભરત વાલજી મુંબઈ તેમજ દેશમાં કડીયા કામ કરે છે.

ડાયાભાઈ પ્રેમજી સાંખલા ધંધો. વિદેશ સર્વીસ, વતનમાં ખેતી, પુત્રો ૧) રમેશ ૨) અશોક ૩) હસમુખ ડાયાભાઈ અભ્યાસ કરે છે.

દેવજી અરજણ સાંખલા પરિવાર :- ધંધો જીવન પર્યન્ત, ખેતીકામ, નિવૃત્ત જીવન ગુજારે છે. પુત્રો ૧) પરબત ૨) વિશ્રામ ૩) મનજી ૪) કરસન ૫) મોહન દેવજી,.

પરબત દેવજી મુખ્ય ધંધો ખેતી કરી નીવૃત જીવન પુત્રો ૧) જયન્તીલાલ ૨) ગંગારામ ૩) પરસોતમ પરબત ધંધો વિદેશમાં સર્વીસ, દેશમાં ખેતી.

વિશ્રામ દેવજી વીદેશમાં સર્વીસ, વતનમાં ખેતી, પુત્રો ૧) કિર્તી ૨) અંબાલાલ વિશ્રામ ધંધામાં સુતાર કામ, અભ્યાસ.

સાંખલા મનજી દેવજી મુખ્ય ધંધો ખેતી પુત્રો ૧) મહેશ ૨) હરિલાલ મનજી અભ્યાસ કરે છે.

કરશન દેવજી સાંખલા :- ધંધો ખેતી કામ પુત્રો ૧) નરોતમ ૨) ભાવેશ કરશન સાંખલા અભ્યાસ.

મોહનલાલ દેવજી સાંખલા ધંધો ખેતી કરે છે. પુત્રો ૧) અરવિંદ ૨) ધીરજલાલ મોહનલાલ સાંખલા અભ્યાસ કરે છે.

ભગત લાલજી કરસન (વાલાણી) પરિવાર :- પુત્ર કાનજી લાલજી ધંધો, જીવન પર્યન્ત ખેતી કામ કર્યું પુત્રો ૧) શામજીભાઈ ૨) નારાયણ કાનજી ભગત, શામજીભાઈ યુવાન વયે અવસાન પામ્યા. **નારાયણભાઈ** વિદેશમાં સર્વીસ કરેલ. વતનમાં ખેતી, અત્યારે નિવૃતિ. પુત્રો ૧) સુરેશ ૨) દેવચંદ ૩) રવિલાલ ૪) શાન્તીલાલ ૫) હરિલાલ નારાયણ ૧) સુરેશ ત્થા હરિલાલ થોડો સમય વિદેશમાં સર્વીસ કરેલ. હાલમાં ખેતી કામ કરે છે. રવિલાલ, શાન્તીલાલ, દેવચંદ વિદેશ આરબ કન્ટ્રીમાં

સર્વીસ કરેલ છે. અને તેમનો પરિવાર વતનમાં ખેતી સંભાળે છે.

નાકરાણી અરજણ નાનજી પરિવાર :- ધંધો ખેતી પુત્રો ૧) અબજી ૨) પ્રેમજી ૩) કાંનજી ૪) હીરજી ૫) પચાણ ૬) રવજી અરજણ નાકરાણી **અબજી અરજણ :-** યુવાન વયમાં થોડા વર્ષ કરાંચી કડીયા કામ કર્યું, મુંબઈમાં થોડા વર્ષો રહ્યા. તે પછી જીવન પર્યન્ત કચ્છમાં ખેતી કરેલ. રવજી અરજણ ના પુત્ર મગનલાલને દત્તક લીધેલ છે. પુનામાં બીલ્ડીંગ કામ કરે છે. અબજી અરજણ વિ. સવંત ૨૦૪૮ માગશર વીદ ૪ ને મંગળવાર ૨૪-૧૨-૯૧ના સ્વર્ગવાસી થયા. ૨) **પ્રેમજી અરજણ** યુવાન વયે અવસાન પામ્યા. પુત્રો ૧) રામજી ૨) રતીલાલ પ્રેમજી ૧) રામજી પ્રેમજી યુવાન વયે અવસાન પામ્યા. ૨) રતીલાલ પ્રેમજી નાકરાણી પરિવાર સાથે કોટડા (રોહા) ખેતી કરે છે. ૩) **કાનજી અરજણ** ધંધો ખેતી, પરિવાર સાથે રોહા કોટડા (રોહા) સ્થાયી છે. ૪) **હીરજી અરજણ** - ધંધો ખેતી, પરિવાર સાથે કોટડા (રોહા) સ્થાયી છે. ૫) **પચાણ અરજણ** - ધંધો ખેતી કરે છે. પુત્રો ૧) દામજી ૨) નરસિંહ ૩) નવિન ૪) કલ્યાણજી પચાણ, નાકરાણી દામજી પચાણ પુનામાં સુતારી કામ કરે છે. ૨) નરસિંહ ખેતી સંભાળે છે. ૩) નવિન ૪) કલ્યાણજી અભ્યાસ કરે છે. ૬) **રવજી અરજણ નાકરાણી** ધંધો ખેતી કરેલ, અત્યારે નિવૃતિ. પુત્રો ૧) વિશ્રામ ૨) ડાયાલાલ ૩) શાન્તિલાલ ત્રણે ભાઈઓ પુનામાં બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. ત્યા

સ્થાયી છે. ૪) શીવજી રવજી વતનમાં ખેતી સંભાળે છે.

ધોળુ ગંગદાસ અબજી પરિવાર :- ૧) પુત્ર કાનજી ગંગદાસ ધંધો કડીયા કામ, કરાંચીમાં ઘણા વર્ષો સુધી કામ કર્યું, હાલ કચ્છમાં વસવાટ, છુટક ઉઘડ કડીયા કામ કર્યું. સાઢુ માકાણી કેસરા પુંજાના પુત્ર અરજણને દત્તક લીધેલ છે. ૧) અરજણ કાનજી ધંધો યુવાન વયમાં સુતાર કામ કર્યું. મુંબઈમાં અને વિદેશમાં વતનમાં ખેતી પુત્રો ૧) વિઠલ ૨) હરિલાલ અરજણ મુંબઈમાં સુતાર કામ કરે છે. વતનમાં ખેતી પરિવાર સંભાળે છે.

૧) પોકાર હંસરાજ લાલજી ૨) રતનશી લાલજી પોકાર પરિવાર ૧) હંસરાજ લાલજી ધંધો વેરાઈ કામ, કરાંચી અને નાગબીડ કચ્છમાં ખેતી કામ કર્યું પુત્રો ૧) મેઘજી ૨) નારાયણ ૩) ગોવિંદ હંસરાજ

૧) મેઘજી હંસરાજ ધંધો લાકડા વેરાઈ કામ, વધારે સમય મુંબઈ વસવાટ કરેલ. પુત્ર કરશન મેઘજી ધંધો સુતાર મજુરી કામ, મુંબઈ પરિવાર સાથે છે.

૨) નારાયણ હંશરાજ પોકાર પરિવાર :- ધંધો લાકડા વહેરવાનું કામ કરેલ, પુત્રો ૧) ધનજી ૨) દામજી ૩) ભીમજી ૪) દેવજી નારાયણ પોકાર પરિવાર ખીરશરા (રોહા) સ્થાયી છે.

૩) ગોવિંદ હંસરાજ પોકાર પરિવાર :- ધંધો મજુરી કામ કર્યું, કચ્છમાં તથા ગુજરાત વિગેરે, પુત્રો ૧) નાનજી ૨) મનજી ૩) શિવદાસ ૪) કાન્તીલાલ ગોવિંદ

૧) નાનજીભાઈ ગોવિંદ ધંધો અપંગ હોવાથી ચોકીદાર, પુત્ર હરિલાલ નાનજી મુંબઈ સુતાર કામ કરે છે.

૨) મનજી ગોવિંદ ધંધો સુતારી કામ, પુત્ર ૧) રવિલાલ યુવાન વયે સવંત ૨૦૪૭ના સ્વર્ગવાસી થયા. ૨) ભાવેશ મનજી સુતાર કામ મુંબઈમાં કરે છે.

૩) શિવદાસ ગોવિંદ ધંધો, વિદેશમાં સર્વીસ, પરિવાર વતનમાં છુટક મજુરી કામ કરે છે.

૪) કાન્તીલાલ ગોવિંદ ધંધો કડીયા કામ, વિદેશમાં, મુંબઈ અને કચ્છમાં છુટક કામ કરે છે. પુત્ર ૧) રાજેશ અભ્યાસ

રતનશી લાલજી પોકાર પરિવાર પરિચય :- ધંધો, યુવાન વયે લાકડા વહેરવાના કામે કરાંચી, નાગબીડ, મુંબઈ કામ કર્યું પુત્રો ૧) નારાયણ ૨) દેવજી રતનશી

૧) નારાયણ રતનશી ધંધો મુખ્ય લાકડા વહેરવાનું કામ કર્યું, બાદમાં સુતારકામ કર્યું. વતનમાં સ્વર્ગવાસી થયા. પુત્રો ૧) શામજી ૨) શીવજી ૩) કાન્તીલાલ ૪) કુંવરજી નારાયણ પોકાર ૧) શામજી નારાયણ ધંધો સુતાર કામ મુંબઈ પરિવાર સાથે વસવાટ ૨) શીવજી યુવાન વયે અવસાન પામ્યા પરિવારમાં પુત્ર, પુત્રી, પત્નિ, નખત્રાણા સરકારી સર્વીસ, પુત્ર અભ્યાસ કરે છે.

૩) કાન્તીલાલ ધંધો કડીયા કામ મુંબઈ, કચ્છ, વિદેશમાં કરે છે.

૪) કુંવરજી નારાયણ પોકાર ધંધો સુતારકામ, વિદેશમાં પરિવાર

વતનમાં છે.

૨) દેવજી રતનશી પોકાર ઘણાં વર્ષોથી બહાર ગામ ખેતી કરેલ અત્યારે સ્થાયી ખીરશરા ભાગે ખેતી પરિવાર સાથે કરે છે.

લીંબાણી લાલજી વિશ્રામ પરિવાર : પુત્ર - પચાણ લાલજી ધંધો મુખ્ય ખેતી થોડાં વર્ષ મુંબઈમાં લાકડા વહેરવાનું કામ કર્યું. પુત્રો (૧) રામજી (૨) હંસરાજ (૩) નારાયણ પચાણ લીંબાણી

(૧) રામજી પચાણ ધંધો થોડાં વર્ષ મુંબઈમાં લાકડા વહેરવાનું કામ કર્યું છુટક મજુરી કામ કરેલ. વતનમાં ખેતી હાલમાં નિવૃત્ત જીવન. પુત્ર કાન્તિલાલ રામજી, પુત્રો - પરિવાર સાથે ખેતી તેમજ છુટક મજુરી કરે છે.

(૨) હંસરાજ પચાણ - મુખ્ય ધંધો ખેતી થોડા સમય મુંબઈ લાકડા વહેરવાનું કામ કરેલ. પુત્રો (૧) વેલજી (૨) ધનજી (૩) હીરાલાલ (૪) વિશ્રામ (૫) રતીલાલ હંસરાજ

(૧) વેલજી હંસરાજ ધંધો સુતાર કામ. પુના પરિવાર સાથે સ્થાયી.

(૨) ધનજી હંસરાજ - વિદેશમાં છુટક કામ મુખ્ય ધંધો ખેતી પરિવાર સાથે

(૩) હીરાલાલ હંસરાજ - ધંધો વિદેશમાં સર્વીસ. પરિવાર ખેતી કરે છે.

(૪) વિશ્રામ મુખ્ય ધંધો ખેતી થોડો સમય વિદેશ.

(૫) રતીલાલ હંસરાજ થોડા વર્ષો વિદેશમાં ધંધો કરેલ. મુંબઈ રહ્યા મુખ્ય કામ ખેતી, પરિવાર સાથે કરે છે.

(૩) **નારાયણ પચાણ પરિવાર** ધંધો થોડા વર્ષ વિદેશમાં સર્વીસ કરેલ. મુંબઈ રહ્યા મુખ્ય વ્યવસાય ખેતી. પુત્ર - (૧) વેલજી હંસરાજના પુત્ર - હીતેશને દત્તક લીધેલ છે. પુત્ર હીતેશ નારાયણ પરિવાર સાથે વતનમાં ખેતી કામ કરે છે.

ઉકાણી કેશરા અબજી પરિવાર - પુત્ર નાનજી કેશરા ધંધો છુટક મજુરી કામ કરેલ. મુખ્ય કામ કુવાઓ માં બોરીંગ કામ. પુત્રો (૧) નથુભાઈ (૨) હરજી નાનજી

નથુભાઈ નાનજી યુવાન વયે સ્વર્ગવાસી થયા. (૨) હરજી નાનજી મુખ્ય ધંધો ખેતી કરે છે થોડાં વર્ષો મુંબઈ તથા વિદેશમાં સર્વીસ કરેલ. પુત્રો - (૧) રતીલાલ (૨) દેવચંદ (૩) મુકેશ (૪) મણીલાલ - ઉકાણી

(૧) રતીલાલ (૨) દેવચંદ મુંબઈમાં સુતારી મજુરી કામ અને કોન્ટ્રાક્ટરનું કામ કરે છે. (૩) મુકેશ (૪) મણીલાલ ખેતી કામ વતનમાં કરે છે.

પોકાર દેવશી હરજી નાની વિરાણી ગઢવાળીથી આવી વસ્યા. ધંધો કડીયા કામ મુંબઈમાં કર્યો ટુંકી બીમારીમાં સ્વર્ગવાસી થયા. પુત્રો (૧) પ્રભુલાલ (૨) ડાયાલાલ (૩) બાબુલાલ (૪) દિનેશ દેવશી પોકાર

(૧) પ્રભુલાલ દેવશી ધંધો વિદેશમાં સર્વીસ (૨) ડાયાલાલ જબલપુર (M.P.) પરિવાર સાથે

(૩) બાબુલાલ વિદેશમાં સર્વીસ. પરિવાર વતનમાં છે.

(૪) દિનેશ દેવશી પોકાર વતનમાં છુટક મજુરી કરે છે.

લીંબાણી જીવરાજભાઈ (આણદાણી) (૨) **ભાણજી ગોપાલ** નો પરિવાર

(૧) જીવરાજભાઈનો મુખ્ય ધંધો કડીયા સલાટ કામ કરાંચી. નાગબીડ મુંબઇ રહ્યા. મુંબઈ અંધેરીમાં સ્વર્ગવાસી થયા. પુત્રો (૧) કરશનભાઈ (૨) મેઘજી ભાઈ જીવરાજ લીંબાણી

(૧) કરશનભાઈ જીવરાજનો મુખ્ય ધંધો લાકડા વહેરવાનો. મુંબઈ વેરાઈ કામ બંધ થતા હેલ્પર માં કામ કર્યું નિવૃત્ત જીવન. વતનમાં ગાળી સ્વર્ગવાસી થયા. પુત્ર - હીરાલાલ કરશન લીંબાણી ધંધો સુતારી કામ કર્યું. મુંબઈ ગુજરાત અને કચ્છ ઘણા સમય થી લાપત્તા છે. પરિવારમાં પુત્ર હરીલાલ હીરજી લીંબાણી ધંધો સુતાર કામ મુંબઈમાં રહે છે.

મેઘજી જીવરાજ લીંબાણી ધંધો લાકડા વહેરવાનું કામ તથા કડીયા કામ તથા હેલ્પરમાં કરેલ, નિવૃત્ત જીવન વતનમાં ગુજારી વતનમાં સ્વર્ગવાસી થયા.

(૨) ભાણજી ગોપાલ લીંબાણી પરિવાર :- ધંધો, લાકડા વહેરવાનું કામ કરાંચીમાં ઘણા વર્ષ સુધી કર્યુ થોડો સમય. નાગબીડ અને સિંધ માં ગયેલ. નિવૃત્ત જીવન વતનમાં ગુજારી ત્યાં સ્વર્ગવાસી થયા. પરિવારમાં પુત્રો (૧) કરમશી (૨) લખમશી (૩) માવજી ભાણજી. તે યુવાન વયે ગુજરાતમાં દંગલમાં મૃત્યુ પામ્યા.

(૧) **કરમશી ભાણજી** નો મુખ્ય ધંધો લાકડા વહેરવાનું કામ કર્યું. કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ મુંબઈમાં કામ કર્યું નિવૃત્ત જીવન. મુંબઈમાં વીતાવેલ. વિ. સવંત ૨૦૩૨. કારતક વીદ - ૫ તા. ૨૨.૧૧.૭૫ - શનીવાર ના અવસાન પામ્યા પરિવાર માં (૧) અબજી (૨) હીરજી કરમશી લીંબાણી

(૧) **અબજી કરમશી** યુવાન વયે અવસાન પામ્યા છે.

(૨) **હીરજી કરમશી** અભ્યાસ પૂરો કરીને ટીમ્બર મર્ચન્ટ ના ધંધાની શરૂઆત કરી જેમાં જલારામ ટીમ્બર નામથી ધંધોચાલુ છે પુત્રો કામ સંભાળતા થયા એટલે બીલ્ડીંગ કન્સ્ટ્રકશનમાં બીલ્ડર્સ માં ધંધાની શરૂઆત કરી ધંધાનો વિકાસ થતાં હીરજી ભાઈ એન્ડ સન્સ ફાર્મ થી વિકાસ કર્યો. પુત્રો (૧) ધીરજલાલ (૨) અશોક (૩) હેમંન્ત હીરાલાલ લીંબાણી.

(૧) ધીરજલાલ ધંધો સંભાળે છે. (૨) અશોક (૩) હેમન્ત હીરાલાલ લીંબાણી અભ્યાસ કરે છે.

(૨) **લખમશી ભાણજી લીંબાણી** :- ધંધો લાકડા વહેરવાનું કામ કર્યું સુતારકામ કરેલ નિવૃત્ત જીવન કચ્છ માં વિતાવે છે. પુત્રો (૧) કાન્તિલાલ (૨) ડાયાલાલ (૩) નારાયણ (૪) વિનોદ

(૧) કાન્તિલાલ લખમશી ધંધો સુતાર સેન્ટ્રીંગ કામ કરે છે. વસવાટ મહારાષ્ટ્ર વિરારમાં.

(૨) ડાયાલાલ લખમશી ધંધો સુતાર કામ કરે છે વસવાટ વિરારમાં

(૩) નારાયણ (૪) વિનોદ લખમશી બંને ભાઈઓ ખેતી કામ કરે છે. દેશમાં સ્થાયી છે.

મુળજી વિરજી લીંબાણી (આણદાણી) :- ધંધો યુવાન વયે લાકડા વહેરવાનું કામ કર્યા બાદ સુતાર કામ કર્યું કરાંચીમાં ધંધો કર્યો કરાંચીમાં સ્વર્ગવાસી થયા પરિવારમાં પુત્રો ૧) રામજીભાઈ (૨) મનજી મુળજી લીંબાણી

(૧) રામજી મુળજી ધંધો સુતાર કામ મુંબઈ માં કર્યું લાંબી બીમારી થી કચ્છમાં સ્વર્ગવાસી થયા. પરિવારમાં પુત્ર ગંગારામ રામજી લીંબાણી છે. બાલ્યાવસ્થામાં પિતાની છત્ર છાયા ગુમાવ્યા બાદ કાકા મનજી મુળજીએ પોતાની છત્ર છાયા નીચે પાલનપોષણ કર્યું ભણાવ્યા પરણાવ્યા અને કામ ધંધામાં ટ્રેઈન્ડ કર્યા, બીલ્ડીંગ કન્સ્ટ્રકશન કામ કરે છે. વિરાર માં પરિવાર સાથે રહે છે.

(૨) મનજી મુળજી લીંબાણી પરિવાર મુખ્ય ધંધો શરૂઆતમાં સુતાર કામ કર્યા બાદ ઘણો સમય. બોમ્બે ગ્લાસ વર્કશ માં સર્વીસ. કરેલ ઈ.સ. ૧૯૫૦ થી કાનજીભાઈ એન. બ્રધર્સ માં જોડાયા કંપનીએ જ્યાં જ્યાં કામ કર્યા ત્યાં કુશળતાથી કામ કર્યું. ઈ.સ. ૧૯૫૭ જુન માસ થી મે. કાનજીભાઈ એન. બ્રધર્સ માં થી છુટા થયાં. અને મે. મનજીભાઈ કરશનભાઈ એન્ડ કું. ની સ્થાપના કરેલ. જેમાં પ્રાઈવેટ તથા સરકારી કામો ઘણા વર્ષો સુધી કર્યાં ત્યારબાદ છોકરાઓ કામ કરતાં થતાં મનજીભાઈ કરશનભાઈ એન્ડ કું. માંથી મનજીભાઈ છુટા થઈ છોકરાઓ ને સાથે લઈ મનજીભાઈ એન્ડ સન્સ

ફાર્મની સ્થાપના કરવામાં આવી ધંધાનો વિકાસ થતાં મે. લીંબાણી કન્સ્ટ્રક્સન તથા મે. લીંબાણી ટીમ્બર એન્ડ પ્લાયના નામે ધંધાનો વિકાસ કર્યો જે અત્યારે છોકરાઓ (૧) ગંગારામ રામજી (૨) છગનલાલ (૩) દયારામ (૪) શાન્તીલાલ મનજી ધંધો સંભાળે છે. પરિવારમાં ગંગારામ રામજીના પુત્ર હિતેશ ગંગારામ અભ્યાસ કરે છે. છગનલાલના પુત્ર હરેશ છગનલાલ અભ્યાસ કરે છે. દયારામ મનજીના પુત્ર રાજેશ અભ્યાસ કરે છે. મનજી મુળજી નિવૃત્તિ જીવન વિતાવે છે.

આ પ્રમાણે ની હાલમાં અમારા ગામ વેરસલપુરની વસ્તી છે. જેમાં ધનિક અને મધ્યમ વર્ગ બંને પ્રકારના વતનીઓ છે. પરંતુ તેમનો વતન પ્રેમ, તો સમાન છે તેમાં ધન કે ઊંમર કશુંજ નડતું નથી. આ કારણે જ ઘણા સમય પહેલાંથી જ ગામમાં વિજળી અને પાણીની સગવડ દરેકે દરેક ઘરમાં થઈ છે. આશા રાખીએ કે પ્રભુ આવીજ સદ્‌બુદ્ધિ આપે અને ગામનો ઊત્તરોત્તર વિકાસ થતો રહે.

પિરાણા વટાળવૃત્તિ - અંધશ્રધ્ધા

વિક્રમ સંવત ૧૯૭૨ થી અગાઉ લોકોમાં પિરાણા સતપંથ પ્રત્યેની અંધ શ્રધ્ધાથી વટાળવૃત્તિ નો સુરજ તપતો હતો. તે દરમ્યાન અમારા ગામમાં પિરાણા થી ધર્મગુરૂ તે વર્ષે આવ્યા હતા. તે દરમ્યાન ગામમાં પરજ્ઞાતિના તેમના અનુયાયી ઓના ઘરે નિરામીષ ભોજન આરોગેલ, અને તેમણે તે ભોજન ની ખુલ્લેઆમ પ્રશંશા કરી તેથી અમારા વડીલો ૧) મુખી ગોપાલ રતના ૨) પટેલ રાજા કરસન ૩) દિવાણી મૂળજી કેશરા તેમજ ગામના અગ્રેસર ભાઈઓએ નારાજગી વ્યક્ત કરી કે તે આપણી જ્ઞાતિ ના રચાયેલ સિધ્ધાંત ની વિરુધ્ધ હોવાથી આવા ધર્મગુરૂ ઓની નાગચૂડમાંથી આપણા ભાઈઓને મુક્ત કરવા ગામમાં આવવા પર તેમની ઉપર પ્રતિબંધ મૂકવો. જેથી આપણા ભોળા અજાણ ભાઈઓ તેમના ગેર રસ્તે દોરાવામાંથી મુક્ત થાય.

કાકાશ્રીઓના જુલમ

વિક્રમ સંવત ૧૯૭૨ શ્રાવણ માસના જન્માષ્ટમીના તહેવાર ના દિવસો દરમ્યાન રાંધણછઠના દિવસે લિહાણી કરવા કાકાશ્રી રામજી વેરસલપુર ગામે પધાર્યા. લિહાણી નું કામકાજ પત્યા બાદ સમાજ ના વપરાશ માટે મજુસની ખરીદી બાબતમાં વિખવાદ થતાં રામજી કાકાશ્રી ગામ છોડી ચાલ્યા ગયા.

ત્યારબાદ ભડલી ગામથી માજીમાં નું વેરસલપુર ગામે આવવાનું આગમન થતાં ગામના વડિલોએ તેમનો બહિષ્કાર કરી ઊતરવા આપેલ નહીં.

વિક્રમ સંવત ૧૯૭૯ માં કાકાશ્રી રામજી પિરાણા ગાદીપતિ થતાં કચ્છમાં આગમન થયું. સમાજની જોહુકમીથી અમારા ગામના આગેવાનો એ આમંત્રણ થી બોલાવ્યા તે દરમ્યાન સમાજના લાગા - લગમ જેવાંકે ૧) દશોંદ - કુટુંબમાં કમાતિ વ્યક્તિ દીઠ ચાર કોરી.

૨) સરબંધી - ચુલાદીઠ સવાકોરી મુજબ વસુલ કરતાં, હિસાબ બાબત વિખવાદ થતાં કાકાશ્રી વહેલી સવારનાં કોઈને જાણ કર્યા વિના ગામ છોડી ચાલ્યા ગયા.

ત્યારબાદ અમારા ગામે સતપંથ સમાજના કોઈ ફંડફાળા ઓ ચુકવ્યા નહિં. તેમજ ધર્મગુરૂઓ તથા કાકાશ્રીઓનું પણ આગમન થયું નથી. તે રીતે બહુ વહેલાસર ગામશ્રી વેરસલપુર સતપંથના નાદથી મુક્ત થઈ ગયું.

ક્રાંતિ

વર્ષો વીતતાં વિદેશમાં વસતા યુવાન ભાઈઓ માં શહેરના વાતાવરણથી જાગૃતિ આવતાં દેશમાં વસતા વડિલો ના મનનું સમાધાન કરી વિક્રમ સંવત - ૧૯૯૪ ના આષાઢ સુદ ૨ બીજ ના દિવસે સતપંથ ના. પાટનું ઊત્થાપન કરી સનાતન સમાજ ની સ્થાપના કરી. શ્રી લક્ષ્મી નારાયણ

ભગવાનની પાન મૂર્તિનું સ્થાપન કયું. ધજા ના બદલે પવન પાવડીથી ધજાગરો ચડાવ્યો.

વિક્રમ સંવત ૧૯૯૫ માં ગામમાં બાળકો માટે ગામઠી સ્કૂલની સ્થાપના કરી બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી. સંચાલન ગામ તરફથી થતું, મંદિર શિખરબંધ બનાવવાના આયોજનમાં ત્રણેક વર્ષો વીતીગયાં, વિક્રમ સંવત ૧૯૯૭ ના અખાત્રીજના દિવસે નીજ મંદિરના પાયા મુહુર્ત કરી તેનું આયોજન કર્યું. નીજ મંદિર સફેદ પથ્થરમાંથી શિખરબંધ બનાવવામાં આવ્યું. બાંધકામમાં બાર માસનો સમય લાગ્યો. નીજ મંદિર મુખ્ય શિલ્પકાર ધોળુ કાનજી ગંગદાસ ની બુધ્ધિ થી બનાવ્યું. તેના મદદગારમાં દિવાણી કાનજીભાઈ નથુભાઈ હતા. બંને ઘડવૈયા ઓએ જાતે કામ કરીને સુંદર મંદિર બનાવ્યું. મંદિરના હોલ તથા ખંડના કામને લગતું કામ, કેંચીઓ, કવલા, તળ, બાંધકામ વિગેરે ગામમાં વસતા દરેક નાના મોટા સર્વે ભાઈઓએ ખભેખભા મિલાવી પરિપૂર્ણ કર્યું.

વિક્રમ સંવત ૧૯૯૮ ના શ્રાવણ સુદ ૧૩ ના શુભ દિવસે મંદિરમાં પાનમૂર્તિની પ્રતિષ્ઠા દેશલપુર વાંઢાયના મહારાજશ્રી ઓધવરામજી. ગુરૂ લાલ દાસજી ના કર હસ્તે કરવામાં આવી. મંદિરના પુજારી તેમજ માસ્તર તરીકે તરા-મંજલના પંડ્યા નારાયણજી ગોપાલજી ની નિમણૂંક કરવામાં આવી. સમય વિતતાં તડકી-છાંયો જોતાં જોતાં મંદિર ને પચાસ વર્ષ થતાં મંદિરની સુવર્ણ જયંતિ ઉજવવાની ચર્ચા ઓથઈ, મીટિંગો મળી. જેમાં દેશમાં તેમજ વિદેશમાં વસતા

ભાઈઓએ સર્વાનુમતે નક્કી કર્યું કે જુના મંદિરની જગ્યાએ નવા નકશાઓ મુજબ મંદિર બનાવી આરસ પહાણની મુર્તિઓ પધરાવવી તેવું આયોજન કરવામાં આવ્યું.

તે આયોજન પ્રમાણે બાંધકામ સમિતી ની નિમણૂંક કરવામાં આવી. નવા મંદિરના નકશાઓ ઘાટકોપર વસતા ચોપડા લાલજી કરસનભાઈએ ગામની સુવિધાને ધ્યાન માં લઈને બનાવ્યા. જુના મંદિરની ઊત્થાપન વિધિ તેમજ પાયા મુહુર્ત વિ. સંવત ૨૦૪૭ ના શ્રાવણ સુદ ૧૨ ગુરૂવારના તા. ૨૨-૮-૯૧ ના રોજ હરદ્વાર વસતા મહારાજશ્રી વાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજી ના હસ્તે કરવામાં આવ્યું. મંદિરના હોલ તથા સભાખંડ તેમજ બાંધકામ, R.C.C. સ્લેબ ની મજુરી કામ નો કોન્ટ્રાક્ટ ગઢશીશાના પટેલ અરવિંદ શામજી ને આપવામાં આવ્યો. R.C.C. કામની ડિઝાઈન ઘાટકોપર વસતા R.C.C. કન્સલ્ટંટ આર. જે. લીંબાણી તેમજ ધીરજલાલ કેશવજીએ બનાવી.

બાંધકામ સમિતી ની નિમણૂંક થી કન્સ્ટ્રક્શન કામની દેખરેખ ઉપર દિવાણી શિવગણ મેઘજી ની સુપર વાઈઝર તરીકે નિમણૂંક કરી કામ પરિપૂર્ણ કરવામાં આવ્યું. નીજ મંદિરનું બાંધકામ માંડવીના મિસ્ત્રિ નરોત્તમ રણછોડ ખેતાણી ને મજૂરી કામથી આપ્યું. તેના મદદગાર તરીકે પુત્ર મનસુખ નરોત્તમે પોતાની હોંશિયારીથી હાથેકામ કરી સુંદર મંદિર નું કામ પુરું કર્યું.

મંદિર બાંધકામ સમિતીના ભાઈઓએ તેમજ ગામના દરેક ભાઈઓએ સમય તથા તન-મન-ધન થી સેવા આપી કામ પરિપૂર્ણ કર્યું છે. મુંબઈ વસતા ભાઈઓ ૧) દિવાણી નરસિંહ કાનજી ૨) લીંબાણી હીરજી કરમસી ૩) દિવાણી ખીમજી જેઠા. જેમણે તન-મન-ધન અને સમયનો ભોગ આપી કામ કર્યું છે તેમનું કાર્ય જોઈ ગામના દરેક ભાઈઓએ તેમના કાર્ય ને બીરદાવવું જોઈએ.

શ્રીલક્ષ્મી નારાયણ ભગવાનની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ વિક્રમ સંવત ૨૦૪૮ શ્રાવણ સુદ ૧૩ મંગળવાર તા. ૧૧.૮.૯૨ ના ઊજવવામાં આવશે. પ્રાણ પ્રતિષ્ઠા બ્રહ્મકાંડી જ્યોતિષી મોટી વિરાણીવાળા આચાર્યશ્રી રેવાશંકર રતિલાલ રાવળના હસ્તે કરવામાં આવશે.

નિત્ય શ્લોકો

પ્રાતઃકાળે

ક ર દ ર્શ ન

કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતી ।
કરમધ્યે તું ગોવિંદઃ પ્રભાતે કરદર્શનમ્ ॥

હાથના આગળના ભાગમાં લક્ષ્મીઃ મૂળ ભાગમાં સરસ્વતી અને વચલા ભાગમાં ગોવિન્દ વસે છે, માટે રોજ સવારે હાથનું દર્શન કરવું.

પૃથ્વીને વંદન ક્ષમા યાચના

સમુદ્રવસ્ત્રને દેવિ ! પર્વતસ્તનમંડલે ।
વિષ્ણુ પત્નિ ! નમસ્તુભ્યં પાદસ્પર્શ ક્ષમસ્વ મે ॥

સમુદ્રરૂપી કપડાંવાળી, પર્વતરૂપી સ્તનવાળી અને વિષ્ણુ ભગવાનની પત્નીરૂપી હે પૃથ્વી દેવી ! તમને નમસ્કાર કરું છું, મારા પગનો તમને સ્પર્શ થાય છે તેને માટે મને ક્ષમા કરો.

જગદ્‌ગુરુ શ્રી કૃષ્ણને વંદન

વસુદેવં સુતં દેવં કંસચાણુરમર્દનમ્ ।
દેવકી પરમાનન્દં કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્ ॥

વસુદેવજીના પુત્ર, કંસ રાજા અને ચાણુર મલ્લને મારનાર, માતા દેવકીને પરમ આનંદ આપનાર અને જગતના ગુરુ એવા શ્રી કૃષ્ણ ભગવાનને હું વંદન કરું છું.

માધવને વંદન

મૂકં કરોતિ વાચાલં પંગુ લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે પરમાનંદમાધવમ્ ॥

જેની કૃપા મૂંગાને બોલતો કરે છે, પાંગળાને પર્વત ઓળંગતો કરે છે, તે પરમ આનંદરૂપ માધવ ભગવાનને હું વંદન કરું છું.

ગુરુને નમસ્કાર

ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ : ગુરુદેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

(દુનિયાના દુઃખો દૂર કરવાનો માર્ગ બતાવનાર) ગુરુ એ જ બ્રહ્મા છે, એ જ ગુરુ (સર્વ વ્યાપક) વિષ્ણુ ભગવાન છે. એજ ગુરુ મહાદેવ છે, જ્ઞાન આપનાર ગુરુ સાક્ષાત પરબ્રહ્મ છે. એવા ગુરુને નમસ્કાર કરૂં છું.

સ્નાન કરતી વખતે

ગંગે ચ યમુને ચૈવ ગોદાવરિ સરસ્વતિ ।
નર્મદે સિંધુ કાવેરિ જેલેડસ્મિન્ સન્નિધિં કુરૂ ॥

હે ગંગા, યમુના, ગોદાવરી સરસ્વતી, નર્મદા, સિન્ધુ અને કાવેરી નદીઓ ! તમે સર્વે આ (મારા નાહવાના) પાણીમાં પધારો.

મંગલ કામના

ગંગા સિન્ધુ સરસ્વતી ચ યમુના ગોદાવરી નર્મદા
કાવેરી સરયૂ મહેન્દ્રતનયા ચર્મણ્વતી વેદિકા ।
ક્ષિપ્રા વેત્રવતી મહાસુરનદી ખ્યાતા જયા ગણ્ડકી
પૂર્ણાઃ પૂર્ણ જલૈઃ સમુદ્રસહિતાઃ કુર્વન્તુ મે મંગલમ્ ॥

ગંગા સિન્ધુ, સરસ્વતી, યમુના, ગોદાવરી, નર્મદા, કાવેરી, સરયૂ, મહેન્દ્રતનયા ચર્મણ્વતી, વેદિકા, ક્ષિપ્રા, વેત્રવતી, મહાસુર નદી, (બ્રહ્મપુત્રા) અને પ્રખ્યાત થયેલી જયા ગંડકી - આ બધી નદીઓ પવિત્ર જળ વડે પરિપૂર્ણ થઈ સમુદ્ર સાથે મળીને મારું કલ્યાણ કરો.

સૂર્યને નમસ્કાર

આદિ દેવ ! નમસ્તુભ્યં પ્રસીદ મમ ભાસ્કર ।
દિવાકર ! નમસ્તુભ્યં પ્રભાકર નમોઽસ્તુ તે ॥

હે આદિદેવ સૂર્યનારાયણ ! તમને હું નમું છું, હે પ્રકાશ આપનાર દેવ ! તમે પ્રસન્ન થાઓ ! હે દિવાકર દેવ તમને હું નમું છું. હે તેજવાળા દેવ તમને હું નમન કરૂ છું.

સુપ્રભાતમાં શુભ માંગણી

બ્રહ્મા મુરારિ સ્ત્રિ પુરાન્તકારી ભાનુઃશશી ભૂમિસુતો બુધશ્ચ ।
ગુરુશ્ચ શુક્રઃ શનિરાહુકેતવઃ કુર્વન્તુ સર્વે મમ સુપ્રભાતમ્ ॥

(જગતના કર્તા) બ્રહ્માજી, મુર દૈત્યને મારનાર વિષ્ણુ ભગવાન, ત્રિપુર રાક્ષસને મારનાર શિવજી અને સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ (આ નવ ગ્રહો) મારું પ્રભાત સારું કરો.

જમવાની શરુઆતમાં બોલવાના શ્લોકો

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મ કારણાત્ ॥

રોજ પંચ મહાયજ્ઞ કરીને પ્રસાદી રૂપે રહેલું અન્ન જમનાર સદાચારીજનો બધા પાપથી મુક્ત થાય છે. (પરંતુ) જેઓ પોતાને માટે જ રાંધે છે તે પાપીઓ પાપ જ ભોગવે છે.

બ્રહ્માર્પણ બ્રહ્મહવિઃ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥

અર્પણ કરવાનું સાધન બ્રહ્મ, અર્પણના પદાર્થો બ્રહ્મ, બ્રહ્મ વડે બ્રહ્મરૂપી અગ્નિમાં હોમાય તે બ્રહ્મ છે એવી બ્રહ્મકર્મરૂપી સમાન બુદ્ધિવાળો જ બ્રહ્મને પામે છે.

卐 卐 卐

શયન સમયે

કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્મને ।
પ્રણતક્લેશનાશાય ગોવિન્દાય નમો નમઃ ॥

વાસુદેવના પુત્ર એવા શ્રી કૃષ્ણ ભગવાનને, દુઃખ હરનાર પરમાત્માને, શરણે આવનારાના ક્લેશો ટાળનાર ગોવિંદને વારંવાર નમસ્કાર હો.

卐 卐 卐

દ્વાદશ જ્યોતિર્લિંગાનિ

સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ ।
ઉજ્જયિનાં મહાકાલમોંકારમમલેશવરમ્ ॥ ૧ ॥
પરલ્યાં વૈદ્યનાથં ચ ડાકિન્યાં ભીમશંકરમ્ ।
સેતુબન્ધે તુ રામેશં નાગેશં દારુકાવને ॥ ૨ ॥
વારાણસ્યાં તુ વિશ્વેશં ત્ર્યંબકં ગૌતમીતટે ।
હિમાલયે તુ કેદારં ધુશ્મેશં ચ શિવાલયે ॥ ૩ ॥
એતાનિ જ્યોતિર્લિંગાનિ સાયંપ્રાતઃ પઠેન્નરઃ ।
સપ્તજન્મકૃત પાપં સ્મરણેન વિનશ્યતિ ॥ ૪ ॥

સૌરાષ્ટ્રમાં 'સોમનાથ', શ્રી શૈલમાં 'મલ્લિકાર્જુન', ઉજ્જયિનીમાં 'મહાકાલ', 'ઓંકારેશ્વર' અથવા 'અમલેશ્વરા', પરલીમા 'વૈજનાથ', ડાકિનીમાં 'ભીમશંકર, સેતુબંધમાં 'રામેશ્વર', દારુકાવનમાં 'નાગેશ', વારાણસીમાં 'વિશ્વેશ્વર' ગૌતમીતટપર 'ત્ર્યંબકેશ્વર', હિમાલયમાં 'કેદારેશ્વર, અને શિવાલયને વિષે 'ધુસૃણેશ્વર', એ પ્રમાણેનાં એ શિવનાં બાર જ્યોતિર્લિંગોનો જે મનુષ્ય પ્રાતઃકાઃળ તથા સંધ્યાકાળે પાઠ કરે છે તેના સાત જન્મમાં કરેલાં પાપ તે જ્યોતિર્લિંગોના સ્મરણમાત્રથી નાશ પામે છે.

卐 卐 卐

卐 શંભુની સ્તુતિ 卐

શંભુ ચરણે પડી માગું ઘડીરે ઘડી દુઃખ કાપો,
દયા કરી દર્શન શીવ આપો ...ટેક
તમો ભક્તોના દુઃખ હરનારા, શુભ કાર્ય સૌનું સદા કરનારા,
હું તો મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો..દયા કરી
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી,
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો..દયા કરી
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારું ચિતડું, ત્યાં જવા ચાહે છે,
સારા જગમાં છે તું, વસુ તારામાં હું, શક્તિ આપો..દયા કરી
હું તો એકલ પંથી પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી ?
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી,
સમજણ આપો..દયા કરી
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શીવરુપ દેખું
મારા મનમાં વસો, હૈયે આવી હશો,
શાન્તિ સ્થાપો...દયા કરી
ભોળા શંકર ભવઃદુખ કાપો, નિત્ય સેવાનું શુભ ધન આપો,
ટાળો માન મદા, ટાળો ગર્વ સદા, ભક્તિ આપો...દયા કરી.

卐 卐 卐

卐 આરતી 卐

આનંદ મંગળ કરું આરતી, હરિ ગુરૂ સંતની સેવા
પ્રેમ ધરીને મંદિર પધરાવું. સુંદર સુખડા લેવા
સકલ તિરથ સંતોષના ચરણે, ગંગા યમુના રેવા
જેને આગંણે તુલસીનો ક્યારો, શાલીગ્રામની સેવા
કહે પ્રીતમ એવા પ્રભુના સ્નેહી, હરિના મન હરી લેવા

卐 શ્રી રામ સ્તુતિ 卐

શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજમન, હરણ ભવભય દારૂણમ;
નવકંજ લોચન કંજમુખ, કરકંજ પદ કજારૂણમ ।
કંદર્પ અગણિત અમીત છબી, નવનીલ નીરદ સુંદરમ,
પટપીત માનહુ તકિત રૂચિ શુચિ, નૌમી જનક સુતાવરમ ।
ભજુ દીનબંધુ દીનેશ દાનવ, દૈત્ય વંશ નીકંદનમ,
રઘુનંદ આનંદ કંદ કૌશલ, ચંદ દશરથ નંદનમ ।
શિરમુકુટ કુંડલ તિલક ચારૂ, ઉદાર અંગ વિભૂષણમ,
આંજાનભુજશર ચાપધર, સંકલમ જિત ખરદૂષણમ ।
ઈતિ વદતિ તુલસીદાસ, શંકર શેષ મુનિ મનરંજન,
મમ હૃદયકુંજ નિવાસ કુરૂ, કામાદિ ખલ દલ ગંજનમ ।

卐 મારૂતિનંદન સ્તુતિ 卐

માનેજયં મારૂત તુલય વેગં, જીતેન્દ્રીયં બુધ્ધિમતાં વરિષ્ઠમ
વાતાત્મજં વાનરયુથામુખયં શ્રી રામદુતં શરણ પ્રયધે ॥
મંગલ મૂરતિ મારૂતિ નંદન,
સકલ અમંગલ મૂલ નિકંદન-મંગલ મૂરતિ...
પવનતનય સંતન હિતકારી,
હૃદય બિરાજત અવધ વિહારી-મંગલ મૂરતિ
માતુપિતા ગુરૂ ગણપતિ શારદ,
શિવા સમેત શંભુ શુક નારદ- મંગલ મૂરતિ
ચરનકમલ બંદઉ સબ કાહુ
દેહુ રામ પદ નેહુ નિબાહું -મંગલ મુરતિ
મંગલ ભવન અમંગલ હારિ
દ્રવઉ સો દશરથ અજિર વિહારી-મંગલ મૂરતિ

卐 ગુરૂ ઓધવરામ સ્તુતિ 卐

શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંવાર પ્રણામ,
તમને વારંવાર પ્રણામ, પ્રભુ છો અંતરના આરામ.

શ્રીગુરૂ

પાવન નામ પવિત્ર તમારૂં, ઉર અજ્ઞાન તિમિર હરનારૂં,
એક જ કરવાનું છે કામ, તમને વારંવાર પ્રણામ –૧

શ્રી ગુરૂ

સદ્‌ગુરૂ અદ્‌ભુત શક્તિ તમારી, નિજ મહિમા કેરી બલિહારી,
કીધા પરોપકારી કામ, તમને વારંવાર પ્રણામ –૨

ઘટ ઘટ જ્યોત તમારી ઝલકે, તેજ તમારૂં સઘળે છલકે,
ગુરૂ છો સ્વયં જ્યોતિ સુખધામ, તમને વારંવાર પ્રણામ –૩

શ્રી ગુરૂ

છે એક 'અચલ' ની અરજી, શ્રી ગુરૂ પછી તમારી મરજી
આપો દર્શન પૂરણ કામ, તમને વારંવાર પ્રણામ – ૪

શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંવાર પ્રણામ.

卐 卐 卐

થાળ

જમવા પધારો નંદલાલ રે, મારી પ્રેમની થાળી
મેં તો જાતે મારે હાથે બનાવી - પ્રાણજીવન તમ કાજરે
મારી પ્રેમની થાળી
ભાત રે ભાતના મેવા મંગાવું - વિધ વિધના પકવાન રે
મારી પ્રેમની થાળી
જળ રે યમુનાજીની - ઝારી ભરી લાવું આચમન કરોને
મુરાર રે મારી પ્રેમની થાળી
લવિંગ સોપારીને પાનનાં બીડલાં - મુખવાસ કરો મહારાજ રે
મારી પ્રેમની થાળી
માધવદાસના સ્વામિ શામળિયા - તમપર જાઉ બલિહાર રે
મારી પ્રેમની થાળી
જમવા પધારો નંદલાલ રે મારી પ્રેમની થાળી

થાળ

વાટ જુએ છે મીરાં રાંકડી - ઉભી ઉભી અરજ કરે છે
દીનાનાથની ટેક
મુનિવર સ્વામી - મારે મંદિર પધારો રે - સેવા કરીશ દિન
રાતડી રે, ઉભી ઉભી......
ફૂલના તે હાર ને ફૂલના તે ગજરા રે ફુલના તોરા ને
ફુલની પાંખડી, ઉભી ઉભી....
પેય પકવાન વાલા મીઠાઈને મેવા રે - ઘેબર જલેબી તલ
સાંકળી રે, ઉભી ઉભી....
લવિંગ સોપારીને પાનનાં બીડલાં રે એલચી દોડા ને તજ
પાંખડી, ઉભી ઉભી.....
સાવ રે સોનાના સોગઠાં ઢળાવું રે, રમવા આવો
તો જાય રાતડી, ઉભી ઉભી...
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર જોતાં ઠરે છે મારી
આંખડી રે ઉભી ઉભી
અરજ કરે છે મીરા રાંકડી

With Best Compliments From

Siddhi Vinayak Enterprises

Mfg. Plastics Reprocesser

☆

Sanjay G. Davda
Shailesh G. Davda

☆

Factory
Vapi (Gujrat)

Office
Sanjay Plastics
24, Heera Sadan, R. R. T. Road, Mulund (W),
Bombay-400 080. Tel.: 560 13 52

With Best Compliments From

Royal Ware housing Co.

2, Sahakar Building, R. R.T. Road,
Mulund (W), Bombay-80

Storage Facility Available at
(Purna) Out side octroi Limit.

Phone Off
564 62 98

Godown Phone
02522-21375

With Best Compliments From
Ashok M. Dand • D. Mahendra

With Best Compliments From

R. K. PLYWOOD CENTRE

Timbers & Plywood Merchants

☆

4-5, Gajanan Apartment,
J. N. Road, Mulund (W), Bombay-400 080.
Tel.: 561 00 40, 564 40 57

☆

Hiralal V. Patel
Jayantilal H. Patel
Kantibhai H. Patel
Bakul H. Patel

હાર્દિક શુભેચ્છા

વુડન આર્ટીકલ વર્ક્સ
દિવાણી એન્ટરપ્રાઈઝ

ટીમ્બર મર્ચન્ટ

બધી જાતના લાકડા પ્લાયવુડ / સનમાઈકા, ફેવીકોલ
હોલસેલ અને રીટેલમાં મળશે

જેઠાભાઈ નથુભાઈ એન્ડ સન્સ

સોમીલ ઓનર્સ અને સુથારી કામ કોન્ટ્રાક્ટર

પ્લોટ નં. A/૧૧૨, રોડ, ૫-૭,
ફેઝ ૧, એમ.આઈ.ડી.સી. ડોંબીવલી (ઈસ્ટ)
ફોનઃ- ૪૬૧૨૫૮, ૪૬૩૧૫૮

ખીમજી જેઠાભાઈ દિવાણી
મણીલાલ ખીમજી દિવાણી
અમ્રતલાલ ખીમજી દિવાણી

હાર્દિક શુભેચ્છા

ગણેશ ટીમ્બર એન્ડ પ્લાયવુડ સેંટર

સાગવાન કટ સાઈઝ, કર્મશીયલ, વોટરપ્રુફ, સેન્ટ્રીગ
પ્લાયવુડ, સનમાઈકા, ફેવીકોલ અને હાર્ડબોર્ડ
હોલસેલ અને રીટેલમાં મળશે

● અધિકૃત વિક્રેતા ●

મરીનો પ્લાય એન્ડ કેમીકલ્સ Tuff Ply
પાયોનીયર વુડ પ્રોડક્ટ પ્રા. લી. B.W.P. Ply
સેન્ચુરી લેમીનેટીંગ કું. પ્રા.લી. Laminate

દુકાન નં. ૧, ૨, નેરૂરકર બિલ્ડીંગ, માનપાડા રોડ,
ડોંબીવલી (ઈસ્ટ) પીન કોડ નં. ૪૨૧ ૨૦૧
ફોન નં. દુકાન :- ૪૬૪ ૬૮૪
ઘર :- ૫૬૧ ૬૭ ૫૩

નાનાલાલ જેઠાભાઈ દિવાણી
મોહનલાલ નાનાલાલ દિવાણી